

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ધીંગા-ધડબા નેતાઓ, છતાં કૂપોણની ‘બૂમ’ છે*
*ભરેલા છે ભૂદા છતાં ખાયકીની ખૂબ લૂમ છે*
*ધૂમ છે કમાણી છતાં વેંચાય ખૂદ ગૂલાંટોથી -*
*આ સુરક્ષિત રાજયમાં સ્રીઓને બાળકો ‘ગૂમ’ છે*

### હાઈકુ

*આવી સિઝન,*
*ઉઘરાવો ‘ખંડણી’*
*સ્કૂલ ફી નામે...*

*મળે છે હપ્તા ?*
*હવે ઉપર સુધી ?!*
*- ‘ફી’ માંથી પણ !!*

### ચિંતન

**પરોડપિ હિતવાન્બન્ધુર્બન્ધુરપ્યહિતઃ પરઃ ।**
**અહિતો દેહજો વ્યાધિર્હિતમારણ્યમૌષધમ્ ॥**

**ઉપરોક્ત શ્લોક ‘ડીવાઈન સંસ્કૃત સુભાષિત’ માંથી લેવામાં આવેલ છે.**

**હિત ઈચ્છનાર પારકાં પણ પોતાનાં છે, અને અહિત કરનાર પોતાનાં પણ પારકાં છે, રોગ પોતાના શરીરમાં ઉત્પન્ન થઈને પણ હાનિ જ પહોંચાડે છે, અને ઔષધિ વનમાં ઉત્પન્ન થઈને પણ આપણને લાભ જ કરે છે.**

**‘પહેલું સગું પાડોશી’ કહેવત છે, આપણું હિત ઈચ્છનાર દૂરના સંબંધી કે મિત્રો જ આપણાં સાચા સગાં-સંબંધી છે.**

**કેટલીક વાર નજીકનાં કુટુંબીજન ઈર્ષ્યામાં આપણને નુકશાન પહોંચાડી શકે છે. આ વાત આપણા જ શરીરમાં ઉત્પન્ન રોગ અને વનમાં ઉત્પન્ન ઔષધના દૃષ્ટાંતથી સારી રીતે સમજાવવામાં આવી છે.**

### સુવિચાર

- સચ્ચે કિસ્સે શરાબખાનેં મેં સુને, વો ભી હાથ મેં જામ લેકર, ઝુઠે કિસ્સે અદાલત મેં સુને, વો ભી હાથમાં ગીતા, કુરાન લેકર - **ઓશો**
- ધન એકઠું કરી ભોગવતો નથી તે અને જે જ્ઞાન પ્રાપ્ત કરીને પણ તે અનુસાર આચરણ કરતો નથી તે. બંને વ્યક્તિ ધ્યેય વગર જ મહેનત કરે છે - **શેખ સાદી**
- ચિંતા વ્યાજબી હોય તો તેમાંથી પણ ચિંતન પ્રગટી શકે છે - **સ્વામી સચ્ચિદાનંદ**
- વડીલો, બુઝુર્ગોની સોબત કરો કારણ કે, બુઝુર્ગોના ચહેરાની એક એક કરચલી પર હજાર હજાર અનુભવ લખ્યા હોય છે - **મુનિશ્રી તરુણસાગરજી**
- ભૂલી જવું એ કોઈ રોગ નથી, પરંતુ તમારી એકાગ્રતાની ઉણપનું પ્રતિક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બેદરકાર રહેવાથી કશો વાંધો નહીં આવે એવું માનનારો માણસ ગરીબીથી ઝાઝો દૂર નથી એમ માનવું - **ડો. જહોન્સન**
- આજનું ઔષધ : જાયફળ લીંબુના રસમાં ઘસીને પીવાથી કબજિયાત મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પર્વતમાંથી ઝરણા રૂપે વહેતી નદી રૂમઝુમ કરતી આગળ વધી. થોડા બીજા ઝરણા ભેગાં તયાં એટલે તેનું કદ વધ્યું. અને દરિયાને મળવાની ઉત્સુકતા વધી. એક સરખી ગતિથી નદી આગળ વધી, અને પર્વતો, ટેકરીઓ, ખડકાળ જમીન, મેદાન વગેરે પાર કરી સાગર સમીપ પહોંચી. નદીએ સાગરને કહ્યું, ‘મારા માર્ગમાં પથ્થર આવ્યા એને મેં તોડી નાખ્યા, કયાંક અટક્યા વગર, કોઈથી રોકાયા વગર હું આગળ વધતી ગઈ. અને આસપાસ બધાને ખબર પડી ગઈ કે મારા માર્ગમાં જે કોઈ અવરોધ ઊભો કરશે તેના બેહાલ થઈ જશે.’ દરિયાએ નદીની વાત સાંભળી. દરિયો અગાધ અને શાંત રહ્યો. એને નદીના મનમાં પાંગરી રહેલા અહંકારનો ખ્યાલ આવ્યો. એણે નદીને કહ્યું, ‘તારા માર્ગમાં જે નેતર ઉગ્યું છે એનું મારે કામ છે જો તું મને એ નેતરની સોટી લાવી આપે તો સારું.’ નદીએ કહ્યું, ‘આ જરૂર હું આપના માટે નેતર લાવી આપીશ. નદી તો ઉપડી. નેતર જયાં દેખાયું ત્યાં તેને તોડવા માટે વેગથી નેતર પર પ્રહાર કર્યો પણ નેતરે પોતાની કાયા નમાવી દીધી. જેથી નેતર હાથમાં જ ન આવ્યું. નદીના પ્રયત્નો સફળ ન થયા એટલે નદી સાગર પાસે ગઈ. દરિયાએ સમજણ આપતાં કહ્યું, ‘ખડક તૂટે, કારણ કે એ અક્કડ અને કડક રહે છે. વૃક્ષ તૂટે, પણ નેતર નમી જવાથી તૂટે નહીં : અહંકાર આપણને પાડે પછાડે પણ નમ્રતા બચાવે, બધાને પ્રિય બનાવે. બધાને તોડી શકવાનો તારો અહંકાર છોડીને નેતર જેવી બન.’’ નદીને દરિયાની વાત સમજાઈ ગઈ.

# પ્રભાવશાળી રાજનેતા શીલા દીક્ષિતની અલવિદા

**તંત્રીસ્થાનેથી...**

ઈંદિરા ગાંધીના શાસનકાળમાં ઉત્તરપ્રદેશના પ્રભાવશાળી બ્રાહ્મણ નેતા ઉમાશંકર દીક્ષિતને આંતર કૉલેજ વકતૃત્વ સ્પર્ધામાં સતત ચેમ્પિયન બનતી એક પંજાબી કન્યા ગમી ગઈ. એમનો પુત્ર પણ એનો સહપાઠી હતો - એટલે બેઉ વચ્ચે મૈત્રી તો હતી જ. શીલા દીક્ષિત કે જે પછીનાં વર્ષોમાં દિલ્હીનો કાયાકલ્પ કરનારાં લોકપ્રિય નેતા તરીકે ઊપસી આવ્યાં એમનો રાજકારણમાં પ્રવેશ એમને સામે ચાલીને પુત્રવધૂ બનાવનારા પ્રસ્થાપિત કોંગ્રેસી નેતાની કૃપાદૃષ્ટિથી થયો હતો. ૧૯૮૪માં કનોજ બેઠક પરથી સંસદની ચૂંટણી જીતી જાહેર જીવનમાં પ્રવેશેલાં શીલા બહુ યુવાન વયે વિધવા બન્યાં હતાં. એમને એકલતાના ઉપાય લેખે જાહેરજીવનનો વિકલ્પ સ્વીકારી એક અદ્ભુત ઉદાહરણ પ્રસ્તુત કર્યું. એમની કુનેહ અને શ્વશુર નેતાનાં સેક્રેટરી તરીકે શીખવા મળેલ વહીવટની બારાખડીનો દિલ્હીને ભરપૂર લાભ મળ્યો. નહેરુ ગાંધી પરિવાર સાથેની નિકળતા અને વફાદારીને લીધે એમને ભરપૂર તકો પણ સાંપડી. ઈંદિરા ગાંધીથી લઈ રાહુલ ગાંધી સુધીના કોંગ્રેસ પ્રમુખો સાથે એ અત્યંત નિકટનાં વિશ્વાસપાત્ર પારિવારિક સદસ્ય બની રહ્યાં હતા. સોનિયા ગાંધીને બહુ જ પ્રેમપૂર્વક રાજકારણમાં સક્રિય કરવામાં શીલા દીક્ષિતનો અગત્યનો ફાળો હતો. નહેરુ ગાધી પરિવાર માટે માથું આપવા તૈયાર થનાર જૂજ નેતાઓમાં શીલા દીક્ષિત મોખરે રહ્યાં. પૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહ રાવ સામે બાકરી બાંધીને એમણે જોખમ ખેડ્યું હતું પરંતુ એ જોખમ એમને ફળ્યું હતું. શીલા દીક્ષિત ‘બહારનાં’ હોવા છતાં દિલ્હીના ‘અંદરના’ નેતાઓ કરતાં દિલ્હીવાસીઓનાં હૈયા જીતવામાં કામિયાબ નીવડતાં હતા. ભારતીય જનતા પાર્ટીના ખુરાંટ નેતાઓ - મદનલાલ ખુરાના, સાહિબસિંહ વર્મા અને પ્રોફેસર મલ્હોત્રાને માત આપી શીલા દીક્ષિત સળંગ ત્રણ ટર્મ માટે દિલ્હીનાં મુખ્યમંત્રી બનવાનો વિક્રમ નોંધાવી શક્યાં - એટલું જ નહીં, એમણે પોતાના શાસનકાળ દરમિયાન દિલ્હીને ૧૭ ઝોનમાં વહેંચી પાયાની સુવિધાઓ છેવાડાના વિસ્તાર અને નાનામાં નાના નાગરિક સુધી પહોંચાડી. એમને કોમનવેલ્થ ગેમ્સનાં તથાકથિત કૌભાંડોમાં સંડોવણી હોવાના આક્ષોપ સહન કરવા પડ્યા અને ૨૦૧૩માં એમની સામે વર્તમાન મુખ્યમંત્રી કેજરીવાલ ભારે બહુમતીથી ચૂંટાયા હતા. જો કે દિલ્હીન ફલાય ઓવર્સની નગરી બનાવવાની યાદગાર કામગીરી બદલ સામાન્ય દિલ્હીવાસી પણ શીલા દીક્ષિતને દાયકાઓ સુધી સંભારશે. એમના આ કાર્યની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ હતી. જો કે રાજકારણમાં ચડતી-પડતી તો આવતી જ રહે છે, એમ શીલા દીક્ષિતને પણ કેજરીવાલ સામે હાર્યા પછી ખુદ એમના જ પક્ષે વારંવાર હાંસિયે ધકેલ્યાં અને જયારે જરૂર પડી ત્યારે પાછી મોટી જવાબદારીઓ પણ એમના શિરે નાખી. ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણી વખતે અને છેલ્લે દિલ્હીમાં જ એમની ઉત્તરપૂર્વ દિલ્હીની બેઠક પર એમને ઉમેદવાર બનાવી સોંપાયેલું પાર્ટીનું સુકાન પૂરી નિષ્ઠાથી સંભાળવાની કોશિશ છતાં શીલા દીક્ષિત છેલ્લી લોકસભાની ચૂંટણીમાં પણ સામાન્ય બિહારી અભિનેતા સામે હારી ગયાં. આ તમામ બાબતોની અસર એક મૃદુ હૃદયની મહિલા પર તો પડે જ. એમની વિદાયથી દિલ્હીના રાજકારણમાં અને સવિશેષ કોંગ્રેસના નેતૃત્વમાં ભારે શૂન્યવકાશ સરજાયો છે. દિવંગત નેતાના આત્માને ચિર શાંતિ પ્રાર્થીએ.

# ગંભીર પ્રકારના ગુન્હામાં ભોગ બનનારને સરકાર વળતર આપી શકે છે



### કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

સી.આર.પી.સી. ની કલમ ૩૫૭(અ) મુજબ શરીર સબંધ ગંભીર પ્રકારના ગુન્હામાં ભોગ બનનાર વ્યક્તિને વળતર આપવાની જોગવાઈ છે. આ કાયદાકિય જોગવાઈના આધાર ઉપર ગુજરાત સરકારે ૨/૧/૨૦૧૬ ના રોજ ગૃહ વિભાગના નોટીફિકેશન બહાર પાડીને “ૈદ્બટ્ઠિં ફૈષ્ઠૈંદ્બ ર્ઝ્રદ્બીહજટ્ઠૈંર જષ્ઠરીદ્બી ૨૦૧૬” નામની યોજના જાહેર કરેલ છે.આ યોજના અનુસાર વિવિધ પ્રકારના ગંભીર ગુન્હાઓમાં ભોગ બનેલા વ્યક્તિને અથવા તેના પરિવારજનોને અથવા તેના આશ્રીત વ્યક્તિઓને સરકાર તરફથી આર્થીક વળતર આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

તાજેતરમાં અમદાવાદ કાંકરીયા ખાતે રાઈડ તુટી પડવાના કેસમાં મૃતકોને વળતર આપવાનું આ નોટીફિકેશન પ્રમાણે થાય છે. સી.આર.પી.સી. ની કલમ ૩૫૭(૩) મુજબ જયારે કોઈ આરોપીને સજા સંભળાવે ત્યારે કોર્ટ પોતાના સજાના હુકમમાં આરોપીએ કરેલી શારિરીક અને માનસીક હાની બદલ ભોગ બનનાર વ્યક્તિને કે આશ્રીતોને અમુક ચોક્કસ રકમ વળતર તરીકે ચુકવવાનો હુકમ કરે છે. ગેંગ રેપનો ભોગ બનનાર વ્યક્તિ અગર તેના પરિવારને પણ આવી રકમ વળતર તરીકે ચુકવવામાં આવે છે.

સી.આર.પી.સી.ની કલમ ૩૫૭(અ)(૪) મુજબ કોઈ કિસ્સામાં શરીર સબંધી ગંભીર ગુન્હો કરનાર આરોપીની પોલીસ શોધખોળ ના કરી શકે અથવા ધરપકડ ના કરી શકે અથવા આરોપી કોર્ટ કાર્યવાહી દરમ્યાન નિર્દોષ છુટી જાય તેવા સંજોગોમાં ભોગ બનનાર વ્યક્તિને શારિરીક અને માનસીક પુનવર્સન કરવા માટે અરજી કરી શકાય છે.

કોઈ કિસ્સામાં શરીર સબંધીત ગંભીર ગુન્હો કરનાર આરોપીની પોલીસ શોધખોળ ન કરી શકે અથવા પકડી ના શકે અથવા તો આરોપી મળી ના આવે આવા કારણો કોઈ અદાલતની કાર્યવાહી ના થાય તેવા સંજોગોમાં ભોગ બનનાર વ્યક્તિને શારિરીક અને માનસીક પુનવર્સન કરવા માટે અરજી કરી શકાય છે.

ગુજરાતના દરેક જીલ્લાની અદાલતમાં જીલ્લા કાનુની સેવા સત્તા મંડળોની કચેરીઓ આવેલી હોય છે તેમજ રાજય કક્ષાએ રાજય કાનુની સેવા સત્તા મંડળની કચેરી આવેલી હોય છે કોર્ટના આદેશ બાદ અથવા કોર્ટ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ભોગ બનનાર વ્યક્તિઓએ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળને લેખીતમાં અરજી કરી વળતર મેળવવાનો દાવો કરવાનો રહે છે.

જીલ્લા સત્તા મંડળ સમગ્ર અરજીમાં ઉલ્લેખ કરેલ ઈજા, શારિરીક નુકશાની, જીવવાનો અંત તેમજ કેસ સબંધીત તમામ બાબતની તપાસ કરી અને વળતર મેળવવાના દાવાની અરજી મંજુર કે નામંજુર કરી શકે છે અને વળતરની રકમ પણ નક્કિ કરે છે. દવાખાનાનો ખર્ચ, પુનવર્સનનો ખર્ચ તેમજ અંતિમક્રિયા સહિતના ખર્ચાની ગણતરી પણ કરવામાં આવે છે. બે મહિનાની અંદર આવી અરજીનો જીલ્લા સેવા સત્તા મંડળે નિકાલ કરવાનો હોય છે અને વળતર ચુકવી આપવાનું હોય છે.

અલગ અલગ બનાવમાં અલગ અલગ વળતરની રકમ ચુકવવામાં આવે છે. બળાત્કારના કિસ્સામાં ૪ થી ૭ લાખ, સામુહિક બળાત્કાર ગેંગ રેપના કિસ્સામાં ૫ થી ૧૦ લાખ, બળાત્કારના કારણે ગંભીર બનાવના કેસમા ૩ થી ૪ લાખ, સૃષ્ટી વિરૂધ્ધના કૃત્યના કિસ્સામાં ૪ લાખ, શારીર હુમલાના કિસ્સામાં ૫૦ હજાર, ટોળા દ્વારા ખુન કરી મૃત્યુ નિપજાવવાના કિસ્સામાં ૫ લાખ, ગંભીર પ્રકારની શારિરીક ઈજાના કારણે ૮૦ ટકા સુધીની વિકલાંગતા આવે તો તેવા કિસ્સામાં ૨ લાખ, ૪૦ ટકાથી ૮૦ ટકા સુધીની વિકલાંગતાના કિસ્સામાં ૧ લાખ, એસીડ એટેક સીવાય સળગાવી દેવના કિસ્સામાં ૨૫ ટકા કરતા વધારે ભાગ સળગી જાય તો કદરૂપતા, ખોડખાંપણ આવે તો ૭ થી ૮ લાખ, ગર્ભાશયના નુકશાનના કિસ્સામાં ૫૦ હજાર સહાય ચુકવવાનો કોર્ટ હુકમ કરી શકે છે. ભોગ બનનાર વ્યક્તિ ૧૪ વર્ષથી ઓછી ઉંમરની હોય તો કોર્ટ મળવાપાત્ર રકમમાં ૫૦ ટકા રકમ વધુ ચુકવવાનો હુકમ પણ કરી શકે છે.

ભોગ બનનારને મેડિકલ સારવાર ફિ આપવામાં આવે છે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ખાનગી હોસ્પિટલોમાં સારવાર લીધી હોય તો પણ સીવીલ સર્જનના સર્ટીફિકેટ મુજબ વળતર ચુકવવી શકે છે.

પોલીસ સ્ટેશનમાં આગ, અકસ્માત અથવા કસ્ટોડીયન ડેથમાં પણ ઉપર મુજબ વળતર મળી શકે છે.

તાજેતરમાં સુરત અગ્નીકાંડ, અમદાવાદ કાંકરીયા હાઈડમાં ભોગ બનનારને પણ સરકારે વળતરની જાહેરાત આ નોટીફિકેશનના આધારે જ કરેલ છે.

# સદ્ગુણી ગુરુ મળે, સદ્ગુણ સિંચે સંત, આતમ નેત્ર ઉઘડે, મોહ તણો તજે પંથ

‘ધર્મ એ કાંઈ અરણ્યમાં જઈનો શોધવાની વસ્તુ નથી. પણ સમસ્ત જીવનમાં અને સામાજિક વ્યવહારમાં તેનું આચરણ કરવાનું છે. જીવનનું પ્રત્યેક પાસું ધર્મના રંગે રંગાયેલું હોવું જોઈએ. ધર્મના માર્ગદર્શન વિનાનાં જ્ઞાન, વિજ્ઞાન કે વિદ્યા હાનિકારક નીવડશે.’

- ફીરોઝ કા. દાવર (૧૯૬૫)

આપણો આ દેશ એક ધર્મપ્રધાન દેશ છે. આપણા દેશમાં અસંખ્ય મંદિરો, મસ્જિદો, તીર્થસ્થાનો વગેરે ધાર્મિક સ્થળો આવેલાં છે. લાખો સાધુ-સંતો આ દેશમાં વિચરણ કરતા જોવા મળે છે અને તેમના દ્વારા સતત વ્યાખ્યાનો, પ્રવચનો, પારાયણો થતાં જ રહે છે. જો આ ધર્મગુરુઓ અને સાધુ-સંતો ખરા અર્થમાં દેશના લોકોનો અને તેમની જડ માન્યતાઓને સુધારીને એક નવી ચેતના પ્રગટાવવાનું બીડું ઝડપે તો આ દેશની આખી સિકલ બદલાઈ શકે ! આપણે ઉચ્છ આધ્યાત્મિક મૂલ્યો, સંસ્કાર અને સંસ્કૃતિ એ જ આપણી વિશેષતા છે. ૧૮૩૫માં બ્રિટીશ પાર્લામેન્ટમાં ટોમસ મોકેલે કહેલું છે :

‘મેં ભારતનો પૂરેપૂરો પ્રવાસ કર્યો અને એવી એકપણ વ્યક્તિ ન જોઈ કે જે ભિખારી કે ચોર હોય. મેં આ દેશમાં એટલી બધી સંપત્તિ, ઊંચા મૂલ્યો ને ઉચ્ચ બુદ્ધિસામર્થ્ય ધરાવતા લોકો જોયા છે કે જયાં સુધી આ દેશના મૂળને જડથી નહીં ઉખાડીએ ત્યાં સુધી કદી તેને જીતી શકીશું નહીં. આ દેશનું મૂળ એટલે તેનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો, અને તેથી હું ઈચ્છુ કે આપણે તેના જૂના અને પ્રાચીન શિક્ષણતંત્રને તેની સંસ્કૃતિને બદલી, જેથી ભારતીયો એવું માનતા થાય કે વિદેશી અને અંગ્રેજી તેમના કરતાં વધુ સારું અને મહાન છે. તો જ તેઓ સ્વાભિમાન અને સ્વ-સંસ્કૃતિ ગુમાવશે અને આપણે તેઓને જેવા ઈચ્છીએ છીએ તેવા તેઓ બનશે - એક ખરેખર પરાધીન દેશ.’



ટોમસ મેકોલેની વાત જાણે અક્ષરશઃ ખરી પૂરવાર થઈ રહી હોય તેવી આપણા દેશની પરિસ્થિતિ સર્જાઈ છે. આજે આણા દેશમાં તમામ સ્થળે ધર્મમય વાતાવરણ દેખાય છે. છતાં પણ એક પહાડ જેવો પ્રશ્ન મારી અને તમારી સામે છે કે, ‘શું આપણે ધાર્મિક છીએ ખરાં ?’ આપણા મંદિરોમાં દર્શનાર્થીઓની લાંબી ભીડ હોય છે પણ ખરેખર આમાંના કેટલા લોકો એકાગ્ર મનથી ભગવાનની પ્રાર્થના કરતા હશે ? મનુ પંડિત એકવાર ‘જીવન સ્મૃતિ’ નામના માસિકમાં ગુરુજનો વિષે લખે છે કે :

‘‘આપણે આપણા કરતાં પણ વધારે ઓળખી શકનારા ગુરુજનો કોઈવાર મળી આવે છે. તેઓ આપણને આંતરબાહ્ય રીતે જાણીને આપણા પર પ્રેમ કરે છે. આવા ગુરુજનો મળે પછી પોતાની જાત એમને ચરણે ધરી દેવી રહે. એવા મને મળ્યા જુગતરામ દવે, મુનિ સંતબાલજી અને આશાદેવી તથા આર્યનાયકમજી.’’



### WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

દરેકની ભક્તિની રીત જુદી-જુદી હોય. કોઈ તિલક કરે, કોઈ ચોટલી રાખે, કોઈ સાવ ન રાખે, કોઈ દાઢી રાખે, કોઈ અમુક દિવસે ઉપવાસ કરે, કોઈ કંદમૂળ ન ખાય, અમુક લોકો દિવસે જમે છે, રાત્રે નથી જમતા. આ તમામ બાબતો બાહ્ય શ્રદ્ધા કે ધાર્મિક આસ્થા દર્શાવે છે. પરંતુ, હરિદાસસ્વરુપ સ્વામી નોંધે છે તેમ,

‘‘બાહ્યાચારની ભિન્નતા હોય છતાં, માનવ-માનવ વચ્ચેના જે સંબંધો છે એમાં સત્યતા, નિષ્ઠા, પ્રામાણિકતા, નીતિમત્તા વગેરેમાં ભિન્નતા ન સંભવે તે જરૂરી છે. જેનાથી આ પ્રજા, દેશ, સમાજ ઉન્નત થાય, સુખી થાય, સમૃદ્ધ થાય, સંરક્ષિત થાય એ જ ધર્મ છે.’’

દેશની પ્રજાએ તેમજ દેશના ધર્મગુરુએ સાથે મળીને એવી પ્રતિજ્ઞા લેવાની પહેલ કરવી જોઈએ કે આપણે જે પદ પર છીએ ત્યાં ભ્રષ્ટાચાર ન કરીએ. સત્યપણે રહીએ અને નીતિનું પાલન કરીએ. આપણે ધર્મના નામ અનેક સંકલ્પે કરતા હોઈએ છીએ, ઘણા લોકો નિયમ લે છે કે, હું ચાર મહિના લીલા શાકભાજી નહીં ખાઉં, ખરેખર એ બધું ભલે આપણે પેટભરીને ખાઈએ પણ ખરો સંકલ્પ તો એ છે કે આપણે નિયમ લઈએ છીએ કે, હું ચાર મહિના હરામનું નહિં ખાઉં, તો ચોક્કસ આખા સમાજને તેનાથી પ્રેરણા મળશે. દેશનું સ્વરુપ ધીરે-ધીરે બદલાશે અને સાચા અર્થમાં ભારત દેશમાં ધર્મ અને આધ્યાત્મની લહેર છવાઈ જશે !

**Last Seen :**

‘સદ્ગુણી ગુરુ મળે, સદ્ગુણ સિંચે સંત
આતમ નેત્ર ઉઘડે, મોહ તણો તજે પંથ.’

- દેવ ગઢવી

nehalgadhavi101@gmail.com

# કુલભૂષણ કાંડમાં જાગતિક અદાલતે ન્યાય તોળ્યો પણ જીવ હજુ તાળવે

ભારત-પાક સંબંધોની વધુ એક અગ્નિપરીક્ષા હવે થવાની છેઃ કુલભૂષણ જાધવ પ્રકરણ જાગતિક અદાલતે ગયા પછી એ ફરી પાછું પાકિસ્તાનની અદાલતમાં સમીક્ષા માટે આવતાં ઈસ્લામાબાદ કેવું વલણ અખત્યાર કરે છે એના પર આવતા દિવસોમાં બંને દેશો વચ્ચેના સંબંધોનું ભવિષ્ય નક્કી થશે. ભારતીય નૌકાદળના કમાન્ડર રહેલા મૂળ મહારાષ્ટ્રના કુલભૂષણ સુધીર જાધવનું ઈરાનના ચાબહાર બંદરેથી અપહરણ કરીને, પાકિસ્તાનના સત્તાવાળાઓએ બલૂચિસ્તાનમાં ભારતીય ગુપ્તચર એજન્સી ‘‘રૉ’’ના એજન્ટ તરીકે દર્શાવી, જાસૂસી તથા હત્યાકાંડ કરવાના આરોપસર ૩ માર્ચ ૨૦૧૬ના રોજ તેની ધરપકડ કરી હતી. ભારતીય દૂતાવાસ કે ભારત સરકારના પ્રતિનિધિઓને જ નહીં, જાધવના પરિવારને કુલભૂષણને મળવા દેવામાં પણ ભારે વાંધાવચકા કર્યા. પાકિસ્તાનની લશ્કરી અદાલતે ૧૦ એપ્રિલ ૨૦૧૭ના રોજ જાધવને ફાંસીની સજા ફરમાવી. ભારતે ૮ મે ૨૦૧૭ના રોજ નેધરલેન્ડના હેગસ્થિત આંતરરાષ્ટ્રીય ન્યાયિક અદાલતમાં ધા નાંખી અને ફાંસી પર મનાઈહુકમ મેળવ્યો હતો. ૧૭ જુલાઈ ૨૦૧૯ના રોજ જાગતિક અદાલતના ૧૬ ન્યાયાધીશોની ખંડપીઠે આ સંદર્ભમાં આખરી ચુકાદો આપ્યો. ૧૫ (અમેરિકા, ચીન સહિતના) વિરુદ્ધ ૧ (પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ રહેલા જીવાણી)ના ૪૨ પાનાંના ચુકાદામાં આઠેય બાબતોમાં ભારતને પક્ષે ન્યાય થયો. છેલ્લાં ચાર વર્ષથી પળેપળ મોતને ભેટતો રહેલો કુલભૂષણ ભારત પરત આવી શકે, એવું સકારાત્મક વલણ પાકિસ્તાન અપનાવશે કે એને પાકિસ્તાની જેલોમાં સડવા દેવામાં આવશે, એ કહેવું મુશ્કેલ છે. વિયેના સંધિ મુજબ, કુલભૂષણને ભારતીય દૂતાવાસની મદદ લેવાના એના અધિકારથી વંચિત રાખીને પાક લશ્કરી અદાલતે તેને આપેલી ફાંસીની સજા પરનો મનાઈહુકમ ચાલુ રખાયો છે. સાથે જ તેને દૂતાવાસની મદદ મળે અને એના સહયોગમાં કાયદાની યોગ્ય પ્રક્રિયા પ્રમાણે એ ચુકાદાની સમીક્ષા થાય ત્યાં લગી જાગતિક અદાલતે આ મનાઈહુકમ યથાવત જાળવ્યો છે.

**ભારત-પાક બેઉ હરખપદુડાં**

ભારતમાં આ ચુકાદાને વધાવતાં યોજનાબદ્ધ રીતે રાજકીય નારેબાજી સાથે વિજયોત્સવ મનાવાયો, તો સામે પક્ષે પાકિસ્તાને ચુકાદાને ભારતની શિકસ્ત ગણાવતાં હરખ કર્યો. પાકિસ્તાનની સ્થિતિ પડ્યા છતાં તંગડી ઊંચી રાખવાની ભૂમિકાવાળી હતી. ભારત તરફથી કરવામાં આવેલી (૧) કુલભૂષણને છોડી મૂકવા (૨) એની ફાંસીની સજા રદ કરવામાં આવે અને (૩) કુલભૂષણને ભારતને સોંપવા માટે સુરક્ષિત માર્ગ કાઢવામાં આવે, એ ત્રણેય માંગણીઓને જાગતિક અદાલતે ફગાવી દીધાનાં મથાળાં સાથે પાકિસ્તાનનાં અખબારો પ્રકાશિત કરાયાં. પાકિસ્તાનનું અસ્તિત્વ જ ભારતદ્રોહ પર જ ટક્યું હોવાને કારણે લશ્કરની કઠપૂતળી બની રહેલી તેની તમામ સરકારો પ્રજાને ભારતવિરોધી નશામાં રમમાણ રાખે છે. જાગતિક અદાલતનો ચુકાદો નિશ્ચિતપણે ભારત માટે હરખ કરવા જેવો છે,પરંતુ હજુ તો ઘણા કોઠા વીંધીને કુલભૂષણને ભારત પરત લાવવાનો છે. વિંગ કમાન્ડર અભિનંદનને જીનિવા સંધિ અન્વયે સુખરૂપ પરત લાવવા જેટલું આ કેસમાં સરળ નથી. અવળચંડાઈ માટે જાણીતું પાકિસ્તાન ઓછાં લાકડે બળે તેવું નથી. એણે તો જાસૂસીના ખટલામાં વિયેના સંધિ લાગુ પડતી નહીં હોવાનું ગાણું ગાયા કર્યું,પણ જાગતિક અદાલતે એ વાતને માની નથી. જોકે અમેરિકા પોતે પણ ઘણીવાર પોતાની અનુકૂળતા મુજબ વિયેના સંધિ અને જાગતિક અદાલતના ચુકાદાઓ સામે વિરોધ કરે છે એટલે અત્યાર લગી એના આંગળિયાત રહેલા પાકિસ્તાને પણ આ મુદ્દે વિયેના સંધિ મુજબ કુલભૂષણને દૂતાવાસ સહયોગ મળવો અનિવાર્ય નહીં હોવાનું વલણ જાળવ્યું છે. આમ છતાં, પ્રાથમિક

- **છેલ્લાં ચાર વર્ષથી પળેપળ મોતને ભેટતો રહેલો કુલભૂષણ ભારત પરત આવી શકે એવું સકારાત્મક વલણ**
- **કુલભૂષણ ભણી કૂણું વલણ લે તો પાકમાં રાજકીય અને લશ્કરી નેતાગીરી વચ્ચે ટકરાવના નવા ફણગા ફૂટે**
- **વિંગ કમાન્ડર અભિનંદનને પરત લાવવા જેટલું નેવલ કમાન્ડર કુલભૂષણ સુધીર જાધવ કેસમાં સરળ નથી**
- **મામલો સુરક્ષા પરિષદમાં જઈ શકે, પણ ભારત સભ્ય હોવાથી વિવાદાસ્પદ કાશ્મીર-જૂનાગઢ કોકડું ઉકેલાય**

અહેવાલો જે દર્શાવે છે એ મુજબ, દુનિયાભરમાં પોતાની સાખ ગુમાવી ચૂકેલું પાકિસ્તાન ગુડવિલ બાંધવા માટે કુલભૂષણ ભણી કૂણું વલણ ધરાવી શકે,પણ એમાં ત્યાંની વર્તમાન રાજકીય નેતાગીરી અને લશ્કરી નેતાગીરી વચ્ચે નવા ટકરાવના ફણગા ફૂટે એવી શક્યતા ખરી.

**ધરપકડની સમયતાલિકા**

કુલભૂષણ જાધવ ભારતીય નૌકાદળમાંથી કમાન્ડરના હોદ્દેથી નિવૃત્ત થયા પછી ધંધાર્થે ઈરાન આવનજાવન કરતા રહ્યા છે. ૩ માર્ચ ૨૦૧૬ના રોજ એને ‘‘રૉ’’ના એજન્ટ ગણાવીને બલુચિસ્તાનથી પાકિસ્તાન સત્તાવાળાઓ તેની ધરપકડ કરે છે. તેઓ આ વિસ્તારમાં કથિતરૂપે જાસૂસી અને ભાંગફોડ કરીને પાકિસ્તાન વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ ઝડપાયા. ૨૫ માર્ચે આઈએસઆઈના કબજા હેઠળના તંત્રે કુલભૂષણ ભારતીય નૌકાદળના અધિકારી હોવાનું સ્વીકારતું નિવેદન બહાર પાડ્યું. જોકે ભારત સરકારે કુલભૂષણ ગુપ્તચર એજન્ટ હોવાનું નકાર્યું. તેને ‘‘કોન્સુલર એક્સેસ’’ આપવાનો આગ્રહ કરાયો.૮ એપ્રિલે પાકિસ્તાને જાધવ વિરુદ્ધ ત્રાસવાદી પ્રવૃત્તિ ચલાવવાનો આક્ષેપ મૂકીને એફઆઈઆર દાખલ કરવામાં આવી. ૧૦ એપ્રિલે લશ્કરી કોર્ટમાર્શલ અદાલતે કુલભૂષણને ફાંસીની સજા ફરમાવી કે ૮ મે ૨૦૧૭ના રોજ ભારતે પાકિસ્તાન થકી કુલભૂષણની ખોટી રીતે ધરપકડ કરાયાની ફરિયાદ સાથે જાગતિક અદાલતમાં ધા નાખી. ત્યારથી લઈને અત્યાર લગી એનો ઉત્તેજનાપૂર્ણ ખટલો ચાલતો રહ્યો.



### અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

**હવેનું વલણ પાક કે નાપાક!**

ભલે કુલભૂષણ અંગેના જાગતિક અદાલતના ચુકાદાના સમયગાળામાં જ ‘‘જાગતિક ત્રાસવાદી’’ જાહેર થયેલા હાફિઝ સઈદની ધરપકડ અને કુલભૂષણ કાંડ વચ્ચેનો સંબંધ નકારતો હોય, પરંતુ જેના માથે ૬ અમેરિકી નાગરિકો સહિત ૧૬૦ને મોતને ઘાટ ઉતારવા સમાન આતંકી કૃત્યનો આરોપ હોય અને અમેરિકી સરકારે જેના માથે ૧૦ મિલિયન ડોલરનું ઈનામ રાખ્યું હોય એવા ત્રાસવાદી હાફિઝની ધરપકડ કરાયાની સાથે જ અમેરિકી રાષ્ટ્રપતિ એને આવકારે છે.વાત આટલે જ અટકતી નથીઃ અમેરિકાને અફઘાન શાંતિ મંત્રણામાં પાકિસ્તાનનો સહયોગ ખપે છે.આવા સંજોગોમાં પાક લગભગ દેવાળિયો દેશ થઈ ગયા છતાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન સાથે વ્હાઈટ હાઉસમાં શિખર મંત્રણા યોજે એ ખૂબ સૂચક છે. ભારતમાં પાકિસ્તાન આર્થિક રીતે ખખડી ગયાનાં ઢોલ પીટવાની પરંપરા ચાલતી હોય ત્યારે અમેરિકી રાષ્ટ્રપતિ લાલ જાજમ પાથરીને ઈમરાન સાથે મંત્રણા કરે એ બંને દેશો વચ્ચેની જૂની નિકટતા હજુ ચાલુ હોવાનાં જ એંધાણ છે. એવું નથી કે અમેરિકા પણ ઓછો દેવાળિયો દેશ છે.ચીન સાથેના એના સંબંધોમાં ખેંચતાણ ચાલતી રહેતી હોવા છતાં ચીનની થાપણોનું ઘણા મોટા પ્રમાણમાં અમેરિકામાં રોકાણ છે.એ જો પાછી ખેંચી લેવામાં આવે તો અમેરિકી અર્થતંત્ર કડડભૂસ થઈ શકે.એ જ રીતે ચીનમાં વિશ્વની ટોચની ૫૦૦ કંપનીઓ ઉત્પાદન કરે છે. એમાં મોટાભાગની અમેરિકી છે. પારસ્પરિક ગરજ અમેરિકા અને ચીનને સાથે રાખે છે. પાકિસ્તાન ચીનનો ૩૪મો પ્રાંત ગણાય છે. એને માથે ચીનનું ભારે દેવું છે. આમાંથી અમેરિકા જ એને બહાર કાઢવામાં મદદ કરે, એવું પાકિસ્તાન માનતું હોય એ સ્વાભાવિક છે.

**સુરક્ષા પરિષદમાં ભારત**

કુલભૂષણ ચુકાદાના અમલમાં માનવાધિકારોની બાબત સવિશેષ મહત્વ ધરાવે છે. કુલભૂષણ ચુકાદાનું પ્રામાણિક રીતે પાલન કરવામાં ઈસ્લામાબાદ અન્ય દેશો પાસેથી પોતાની ઘણી માંગણીઓ મનાવે તો ય નવાઈ નહીં. કુલભૂષણ કાંડનો આખરી ઈલાજ તો આ બધાં વૈશ્વિક પરિબળો પર અવલંબે છે. એટલે જાગતિક અદાલતના ચુકાદાથી ભારત કે પાકિસ્તાને હરખપદુડા થઈ જવાની જરૂર નથી.કારણ? હજુ તો કોણ જાણે કેટલો વખત લાગશે અને પાકિસ્તાન જેવો અવળચંડો દેશ કોના રિમોટથી ક્યારે કઈ ભૂમિકા લેશે એ કહેવું મુશ્કેલ છે. ભારતમાં તો પાકિસ્તાની કસાબે આતંકી કૃત્ય કર્યા પછી પણ એને વિશ્વમાં લોકશાહી દેશોમાં સ્વીકૃત સ્વસ્થ ન્યાય પ્રણાલિને અનુસરીને એના દુષ્કૃત્યનું ફળ અપાયું હતું.જોકે પાકિસ્તાનમાં તો ત્યાંના નાગરી અધિકારો માટે સંઘર્ષરત લોકો પણ લશ્કરી અદાલતો જ નહીં, નાગરી અદાલતોની ન્યાય તોળવાની પ્રક્રિયા વિશે પણ સવાલો ઉઠાવે છે. કુલભૂષણનો ખટલો સમીક્ષા માટે ક્યાં જશે, એ પણ હજુ મતભેદની ફેરફૂદડી ફરે છે. આવા સંજોગોમાં અભિનંદનની જેમ કુલભૂષણને જલદી પરત લાવી શકાશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. જોકે ભારત પાસે ફરીને જાગતિક અદાલતમાં અને સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં જવાના વિકલ્પ રહે જ છે. ભૂતકાળમાં યુરોપના દેશો જાગતિક અદાલતમાં અપીલ માટે ફરીને ગયાની પરંપરા છે.વળી સુરક્ષા પરિષદમાં આવતા દિવસો માટે ભારત પણ પાકિસ્તાન સહિતના દેશોના ટેકાથી બે વર્ષ માટે સભ્ય બન્યું છે. ભારત પાસે વિટો ભલે ના હોય,પરંતુ પોતાની પ્રભાવી રજૂઆત કરવા પરિષદમાં હાજર હશે. ચીન સહિતના દેશો હવે પાકિસ્તાન માટે વિટો વાપરવાની બાબતમાં અગાઉ જેટલા સક્રિય નહીં જ રહે એવું લાગે છે. આવા સંજોગોમાં ભારત ધાર્યું કરાવી શકે છે. છોગામાં જમ્મૂ-કાશ્મીર જ નહીં, જૂનાગઢનો ય સુરક્ષા પરિષદમાં વિચારાધીન મુદ્દો ઉકેલવાનો છે. એ બાબતોનો ઉકેલ લાવવાની દિશામાં પણ નવી દિલ્હી પહેલ કરે એ જરૂરી છે.

-haridesai@gmail.com